

ચ-૫નો ફુવારો એ એક સમયે ગાંધીનગરની ઓળખ ગણાતો હતો. આ વિસ્તાર રાત્રીના સમયે ધમધમતો રહેતો હતો. શહેરમાં નવા હરવા ફરવાના સ્થળો બનતા ચ-૫ના ફુવારાની રોનકમાં ઘટાડો આવ્યો છે. વળી છેલ્લા કેટલાય સમયથી આ ફુવારો બંધ હાલતમાં હતો. આખરે હમણાં જ આ ફુવારાને પુનઃ શરુ કરવામાં આવતા વસાહતીઓ ખુશખુશાલ બની ગયા હતા.

# રેલવે ફાટકથી રાંધેજા ચોકડી સુધીના માર્ગનુ રીસસરફેસીંગનુ કામ હાથ ધરાશે

**હાલ માણસા સાથે જોડાયેલા આ માર્ગ પર ગાબડા પુરવામાં આવી રહ્યા છે**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન શહેરના માર્ગો પર ઠેર ઠેર ગાબડા પડયા છે. જયારે જિલ્લાને જોડતા અન્ય માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. જો કે માર્ગોની નુકશાની અંગે ટુંકમાં સર્વે પણ હાથ ધરાશે. જયારે હાલ તંત્ર દ્વારા માર્ગ પરના ગાબડા પુરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર માણસા માર્ગ પર મોટામસ ગાબડાના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા હાલ ખાડા પુરવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આગામી બે સપ્તાહમાં માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં વરસાદના લીધે ઠેર ઠેર માર્ગો પર ગાબડા જોવા મળે છે. એકબાજુ વરસાદી પાણીના નિકાલની લાઇનનુ કામ પણ ચાલી રહ્યુ છે. જેના લીધે ઠેર ઠેર માટી પોલાણના લીધે મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં જોખમી સમસ્યાઓ સિવાય બીજુ કાંઇ જોવા મળતુ નથી. આવા સંજોગોમાં જિલ્લાને જોડતા અન્ય માર્ગોની પણ દશા ખરાબ છે. સતત વરસાદના લીધે માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. જિલ્લાના ૨૦ જેટલા માર્ગોનુ છેલ્લા પાંચ વર્ષથી પેવરકામ હાથ ધરાયુ નથી. જેથી વરસાદી સિઝન દરમિયાન આ માર્ગો વધુ ઉબડ ખાબડ બન્યા છે. જેમાં ગુડા વિસ્તારના માર્ગો પણ અત્યંત ખરાબ હાલતમાં છે. આ ઉપરાંત માણસા ગાંધીનગર માર્ગ પર પણ મોટા ખાડાઓ જોવા મળી રહ્યા છે.

આ માર્ગ પર મોટામસ ગાબડાના લીધે રોજબરોજ વાહનોની અવરજવર પણ મુશ્કેલ બની છે. માર્ગ સલામતી જોખમાઇ છે. હાલ તંત્ર દ્વારા માર્ગ પરના ખાડા પુરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં આ માર્ગનુ સરફેસીંગ પણ કરવામાં આવશે. રાંધેજા ફાટક સુધી માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. જયારે આ કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા વર્ક આર્ડર પણ આપી દેવાયો છે. વરસાદી દિવસોના અંતે ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે. અંદાજિત ૧.૨ કીમી ના આ માર્ગની સુધારણા માટે અંદાજિત ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે.

# જિલ્લામાં વધુ ૧૯ કેસ નોંધાયા

**વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૧૧, માણસા-દહેગામમાં ૧-૧ અને કલોલમાંથી ૬ કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૯ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટમાં સુધારો થયો છે પણ ડેથરેટમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. રાજ્ય સરકારે ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે જયારે જિલ્લાતંત્રએ ૧૯ કેસ દર્શાવ્યા છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી આજે એક કલોલના વૃદ્ધનું તથા એક માણસાના વૃદ્ધનું મોત સારવાર દરમ્યાન થતાં તંત્રમાં શોકની લાગણી વ્યાપેલી જોવા મળી રહી છે.

જિલ્લામાં વધતા જતા ડેથરેટને પગલે તંત્રની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. જો કે તંત્ર લૂલો બચાવ કરતાં એવી દલીલ કરી રહેલ છે કે મોટી વય ધરાવતા દર્દીઓને કોરોના ઉપરાંત અન્ય બિમારીને પગલે ડેથરેટ થોડોક ઉંચો જરૂર છે પણ પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

જિલ્લામાં આજે નોંધાયેલ કેસોમાં ગાંધીનગર તાલુકામાંથી ૧૧, દહેગામ અને માણસામાંથી ૧-૧ તેમજ કલોલમાંથી ૬ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સરગાસણમાંથી ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ અને અડાલજમાંથી એક ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોલવડામાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૫ વર્ષના યુવક તેમજ ૫૮ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોના કેસો નવસોને પાર

**બેંક કેશિયર, આચાર્ય, આસિ. ઈજનેર, ડેટા એન્ટ્રી ઓપરેટર, સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર સહિતના કર્મયોગીઓ સપડાયા, સે. ૨૬, સે. ૨૧ અને સે. ૩ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨૭, ૭, ૪, ૨, સે. ૨૨ અને સે. ૨૪ માંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના કેસોની સંખ્યા ૯૦૦ ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાંથી આજે વધુ ૧૨ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૯૦૫ થઈ છે.

**આજે વધુ ૧૨ કેસ**

શહેરમાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આજે પણ ગઈકાલની જેમ ૧૨ નવા કેસ નોંધાયા છે અને વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ તમામ પુરૂષ દર્દી છે.

આજે સે. ૨૧ માંથી ૨, સે. ૨૬ માંથી ૨ અને સે. ૩ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૭, સે. ૭, સે. ૪, સે. ૨, સે. ૨૨ અને સે. ૨૪ માંથી કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં પોલીસ હાઉસીંગના કર્મયોગી, પોલીસ, આચાર્ય, સુપરવાઈઝર, કેશિયર ડેટા એન્ટ્રી ઓપરેટર સહિતના લોકોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં કોરોના તેનુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહેલ છે. તંત્રએ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની અમલવારી તેમજ સઘન સર્વેલન્સની સાથે ટેસ્ટીંગની પ્રક્રિયા પણ વધારી દીધી છે. શહેરમાં કોરોના તેના ત્રીજા ટેસ્ટમાં પ્રવેશી ચુક્યો છે તેવી શંકા હવે વધુને વધુ દૃઢ થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રમુખપદ મેળવવા ભાજપ-કોંગ્રેસ તેના સભ્યોને લઈ રાજસ્થાન પહોંચ્યા

ગાંધીનગર, તા. ૬

આગામી ૯ મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીને લઈ તાલુકા પંચાયતના ભાજપ અને કોંગ્રેસના સભ્યોને બન્ને પક્ષો દ્વારા રાજસ્થાનના પ્રવાસે લઈ જવામાં આવ્યા છે.

મળતા અહેવાલો પ્રમાણે ભાજપના સભ્યોને ગઈકાલે રાત્રે જ ગાંધીનગરથી લઈ રાજસ્થાન જવા વાહન રવાના થયુ હતુ. જયારે કોંગ્રેસ પક્ષ દ્વારા સભ્યોને આજે રાજસ્થાન લઈ જવામાં આવ્યા છે.

**૮ મીએ ઉમેદવારી પત્રો ભરાશે : ૯ મીએ પ્રાંત અધિકારીના અધ્યક્ષપદે બેઠક મળશે**

૮ મીએ આ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવવાની હોવાથી બન્ને પક્ષો દ્વારા તે સભ્યોને જ લઈ આવવામાં આવશે. જો કે ૮ મીએ મોડી રાત સુધી બધા સભ્યો પરત ફરશે અને નવમીએ સીધા સામાન્ય સભામાં આ સભ્યોને લઈ આવવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપ પાસે હાલ ૧૫ સભ્યો ચૂંટાયેલા છે. આ ઉપરાંત બે અપક્ષ અને એક કોંગ્રેસી સભ્યના સમર્થન સાથે તેની સંખ્યા ૧૮ થાય છે.

જ્યારે કોંગ્રેસના ૧૮ સભ્યો ચૂંટાયેલા છે અને ૧ અપક્ષ સભ્યનું સમર્થન છે પરંતુ કોંગ્રેસના અગ્રણી કુબેરજી ગોલે ભાજપનો કેસરીયો પહેરી લેતાં હવે કોંગ્રેસના સભ્યો ૧૮ થાય છે.

કલોલ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળનારી આ સામાન્ય સભામાં જો બન્ને પક્ષે સરખા મત પડશે તો ચીઠ્ઠી ઉછાળી નવા પ્રમુખ નક્કી કરવામાં આવશે.

જો કે બીજી તરફ ભાજપના સૂત્રો દાવો કરી રહ્યા છે કે ભાજપ સત્તા પંચાયતમાં જાળવી રાખી તાલુકાને વિકાસથી અળગો નહિ કરે. દરમ્યાન કોંગ્રેસ પક્ષના આગેવાનો પણ આ વખતે કબ્જો મેળવવા માટે સક્રિય બન્યા છે.

તાલુકા પંચાયતના નવ સભ્યોના રાજકીય ભાવિ અંગે સરકારે હજુ કોઈ નિર્ણય નહિ લેતાં આ ચૂંટણી રોચક બની રહેશે તેમ રાજકીય વર્તુળોનું માનવુ છે.

**ભાજપના સૂત્રો દાવો કરી રહ્યા છે કે ભાજપ પંચાયતમાં સત્તા જાળવી રાખી તાલુકાને વિકાસથી અળગો નહિ કરે. દરમ્યાન કોંગ્રેસ પક્ષના આગેવાનો પણ આ વખતે કબ્જો મેળવવા માટે સક્રિય બન્યા છે**

# ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન તરીકે શંકરસિંહ ગોહીલ



ગાંધીનગર તા ૬

ગાંધીનગરના અગ્રણી વકીલ શંકરસિંહ ગોહીલની ગુજરાત બાર કાઉન્સિલમાં વાઈસ ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે. શંકરસિંહ એસ ગોહીલ ગુજરાત બાર કાઉન્સિલ રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે સેવા આપતા હતા. આ ઉપરાંત તેઓ ગાંધીનગર બાર એસોસિએશનના પુર્વ પ્રમુખ તરીકે પણ સેવા આપી ચુક્યા છે. તેમણે જિલ્લામાં એમ એસ સી ટી ના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ તરીકે પણ તેમણે યોગદાન આપ્યુ છે. રાંદેસણ ગામના સરપંચ તરીકે પણ ઉમદા કામગીરી કરી છે. તેમની આ નિમણુંક બદલ ગુજરાત બાર એસોસિએશન, ગાંધીનગર બાર એસોસિએશન સહીત જિલ્લાના વકીલોએ આનંદની લાગણી વ્યકત કરી છે.

# જિલ્લા પંચાયતની ૧૧મીએ ખાસ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૧મી સપ્ટેમ્બરના રોજ પંચાયતના સરદાર પટેલ હોલ ખાતે મળશે.

બપોરે બે વાગે પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને આ બેઠક મળશે. પંચાયતોની ચૂંટણીઓ પહેલાં આ અંતિમ બેઠક હશે તેવુ રાજકીય પંડિતોનું માનવુ છે.

આ બેઠકમાં પંચાયતની વિવિધ સમિતિઓની મળેલી બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવશે. પંચાયતની આ ખાસ સામાન્ય સભા હોવાથી તેમાં પ્રશ્નોત્તરી કાળ આપોઆપ રદ થાય છે. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે આ બેઠકનું આયોજન કરવામાં આવશે. તંત્રએ આ માટેની તૈયારીઓ પણ આરંભી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે વિકાસના કામો તેમજ વનીકરણના કામો અને મનરેગાના કામોને લઈ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થશે. તંત્ર દ્વારા દાખવવામાં આવી રહેલ ઉદાસીન વલણને લઈ આ બેઠકમાં સભ્યો તંત્રને આડેહાથ લે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ બેઠકમાં આરોગ્યતંત્ર દ્વારા આરોગ્ય સેવાઓ અંગે કરાયેલા રિકન્સ્ટ્રક્શનની જે દરખાસ્તને કારોબારી સમિતિએ બહાલી આપી છે તેને પણ બહાલી આપવામાં આવશે.

આ બેઠકમાં ગાંધીનગર તાલુકાના જે ગામો શહેરમાં ભેળવવામાં આવ્યા છે તે ગામના તલાટીઓ તેમજ અન્ય સેવાના કર્મયોગીઓની સેવાઓ પરત લેવા અને જ્યાં ઘટ છે ત્યાં નિમણુંક આપવા માટે પણ તંત્રને સૂચનાઓ આપતો પ્રસ્તાવ પસાર કરે તેવી શકયતાઓ છે. પંચાયતોની ચૂંટણીઓ પહેલાંની આ અંતિમ બેઠક માનવામાં આવી રહી હોવાથી તંત્ર પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરતો પ્રસ્તાવ લાવવામાં આવે તેવી શક્યતાના સંકેતો પણ મળી રહ્યા છે.

# શ્રેય હોસ્પિટલ કેસના તપાસ પંચમાં સરકારી વકીલ તરીકે હીતેશ રાવલ



ગાંધીનગર તા ૬

શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગની ઘટનાની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવા માટે રાજય સરકાર દ્વારા હાઈકોર્ટના નિવૃત જસ્ટીસ કે એ પુંજના અધ્યક્ષ સ્થાને તપાસ પંચની રચના કરવામાં આવી છે. જેમાં સરકાર દ્વારા ખાસ સરકારી વકીલ તરીકે ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટના મુખ્ય સરકારી વકીલ હીતેશ એન રાવલની નિમણુંક કરવામાં આવી છે.

# રાજ્યમાં વધુ બે ધારાસભ્યોને કોરોના

**કરંજ વિધાનસભા બેઠકના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી, રાજુલા બેઠકના ધારાસભ્ય અંબરીશ ડેરને કોરોના : સંપર્કમાં આવેલા લોકોને ચેતવા સુચના**

અમદાવાદ,તા.૬

રાજયમાં કોરોના વાયરસનો હાહાકાર મચી ગયો છે. તેવામાં વધુ બે નેતાઓ કોરોનાની ઝપટમાં આવ્યા છે. રાજયની સુરત જિલ્લાના કરંજ વિધાનસભા બેઠકના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી અને અમરેલી જિલ્લાની રાજુલા બેઠકના ધારાસભ્ય અંબરીશ ડેરને કોરોના થયો છે. અંબરીશ ડેર પોતાના ફાર્મ હાઉસ પર ક્વૉરન્ટાઈન થયા છે તો ઘોઘારીએ પણ સારવાર લેવાની શરૂઆત કરી છે.

દરમિયાન આ બંને નેતા જાહેર જીવન સાથે જોડાયેલા છે તેથી તેમનો અનેક લોકો સાથે સંપર્ક થતો હોય છે, ત્યારે કોરોનાની સરકારી ગાઇડ લાઇન મુજબ તેમના ક્લૉઝ કોન્ટેક્ટમાં આવેલા લોકોએ તકેદારી રાખવી અને થોડા દિવસ એકાંતમાં પસાર કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. અથવા તો કોઈને લક્ષણ જણાય તો ટેસ્ટ કરાવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. અગાઉ ભાજપના વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પોઝિટિવ આવ્યા હતા. તેમની સાથે રાજકોટના મેયર બીના આચાર્ય પણ સંક્રમિત થયા હતા.

# ડૉ. અરૂણ અમરાવતકરનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના જાણીતા આંખરોગના નિષ્ણાંત ડૉ. અરૂણ અમરાવતકરનું દુઃખદ અવસાન થયુ છે.



તેઓ છેલ્લા ઘણા સમયથી સે. ૭ માં એકલા જ રહેતા હતા. તેઓને શુક્રવારે તાવ આવ્યો હતો અને ફરીથી દવાખાને આવ્યા ન હતા. તેઓના અવસાનથી શહેમાં તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે. સ્વ. અમરાવતકરના માતુશ્રી સે. ૨૩ માં રહે છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com